"નાયક ફાઉન્ડેશન"સંસ્થાને નવસારી જિલ્લાના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોની કોન્ટ્રાકટની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૦૯/૧૩૫૨ /આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૬/૨૦૧૫

1 JUN 2015

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા.૩/૬/૨૦૧૦,અને તા.૧૬/૦૭/૨૦૧૪ના સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧૯/૦૫/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૯૫૧ /૪૨૫૬-૫૭,

ઠરાવ –

શિક્ષણ વિભાગના સંદર્ભ-(૧)ના સરખા ક્રમાંકના ઠરાવથી નવસારી જિલાની સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન નાયક ફાઉન્ડેશનને સોપવામાં આવેલ હતું.ઉકત મંજુરીના સંદર્ભમાં તા.૩૧/૫/૨૦૧૫ના રોજ મુદત પૂર્ણ થયેલ છે.સંદર્ભ-(૨)ના કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના પત્રથી નવસારી જિલાની સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન નાયક ફાઉન્ડેશનને તા.૧/૬/૨૦૧૫ થી એક વર્ષ માટે મુદત લંબાવવા ની દરખાસ્ત કરેલ,જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે નવસારી જિલાની સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન નાયક ફાઉન્ડેશનને તા.૧/૬/૨૦૧૫ થી વધુ એક વર્ષ માટે મુદત લંબાવી આપવાનું આથી નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) શિક્ષણ વિભાગના તા.૩/૬/૨૦૧૦ના સરખા ક્રમાંકના ઠરાવની બોલીઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) મ.ભો.યો.ના લાભાર્થીઓની સંખ્યામાં ૫ % વધારો થાય તે માટે કલેકટરશ્રી, નવસારી અને નાયક ફાઉન્ડેશન દ્વારા પ્રયત્નો કરવાના રહેશે.

(૩) લાભાર્થીઓની દરેક ત્રણ માસમાં તેમની ન્યુટ્રીશીયન ચેક કરવાનું રહેશે અને બોડી માસ ઇન્ડેકસ (B.M.I.)ના આધારે તપાસણી કરવાની રહેશે.

(૪) કમી.મ.ભો.યો.એ આ સંસ્થાની દર ત્રણ માસની કામગીરી અંગે તેમની કચેરી કક્ષાએથી જરૂરી તપાસ કરાવી અહેવાલ રજુ કરવાનો રહેશે.

(૫) સંસ્થા દ્વારા બાળકોને સમયસર ગરમ ભોજન પુરૂ પાડવામાં આવે તે માટે તકેદારી રાખવાની રહેશે તેમજ સમયાતરે ઉચ્ચ અધિકારીઓ દ્વારા મધ્યાહન ભોજન યોજનામાં કેન્દ્રોનું આકસ્મિક નિરીક્ષણ કરી અહેવાલ મોકલવાનો રહેશે.

(૬) ઉકત સંસ્થા બાબતમાં હાઇકોર્ટમાં ચાલતા કોર્ટ કેસ એસસીએ નં.૫૮૨૨/૧૧, એસસીએ નં.૫૮૨૩/૧૧ અને એસસીએ નં.૫૭૮૬/૧૧ના આખરી ચુકાદાને આધિન આ હુકમો કરવામાં આવે છે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૦/૦૬/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ)ની કચેરી,ગાંધીનગર.
--ચેરમેનશ્રી,નાયક ફાઉન્ડેશન,૪૦૨ કલા મંદિર,ચિત્રાકર કેતકર માર્ગ,શેઠ કોલેજ સામે, વિલે પાર્લે(ઇસ્ટ) મુંબઇ,૪૦૦૦૫૭ (કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર,મારફત)
-- જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- કલેકટરશ્રી,નવસારી.
-- નાયબ કલેકટરશ્રી(મ.ભો.યો.), નવસારી.
-- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.